CS/15 17/

**ગુજરાત સરકાર**
ઠરાવ ક્રમાંક: ATS/10/2013/90/SB -V
ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
તા. 5 /9/2014

**વંચાણે લીધા :** 1) તા. ૬/૨/૨૦૧૩ની આઈટી બેઠકની કાર્યવાહી નોંધ-
2) વિજ્ઞાન અને પ્રૌધ્યોગીકી વિભાગની ફાઈલ ક્રમાંક:SDC/10/2013/414933/IT
3) ગૃહ વિભાગના તા. 3/3/2014ના સમાનાંકી ઠરાવ
4) GIPL ના તા.૩૦/૭/૨૦૧૪ નો પત્ર
5) ગૃહ વિભાગના તા. 6/8/2014ના સમાનાંકી ઠરાવ

**સુધારા ઠરાવ :-**

ગૃહવિભાગ દ્વારા સાયબર સુરક્ષા કવચ અંગે ક્રમ(1) અને ક્રમ(2) ને વંચાણે લઈ ક્રમ(3)ના ઠરાવથી આદેશો બહાર પાડવામાં આવેલ હતા. ત્યારબાદ ક્રમ(4)ના તા.૩૦/૭/૨૦૧૪ ના પત્રથી GIPL અને શ્રી નીરજ ગેમાવત, CMD ગેટ વે ટેકનોલોજી લેબ્સ દ્વારા તા.૩/૩/૨૦૧૪ ના ઠરાવમાં અમુક ફેરફારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આથી પુખ્ત વિચારણાને અંતે સાયબર સુરક્ષા કવચના તા. 3/3/2014ના મુળ ઠરાવમાં ફેરફાર કરી ક્રમ(5) માં દર્શાવેલ સુધારા ઠરાવ બહાર પાડવામા આવેલ હતો.

જેમાં રોજબરોજના પ્રશ્નો ઉભા થતા હોવાથી અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) સમક્ષની તા. 4/9/2014ના રોજની મૌખિક રજુઆત ધ્યાને લઈ નીચે મુજબ પુન: વધુ સ્પષ્ટતા કરવામાં આવે છે.

ઉક્ત ક્રમ(૩)ના મુદ્દા નં ૩માં આ પ્રમાણે સુધારો કરવામાં આવે છે. "સાયબર સુરક્ષા કવચ ગૃહ વિભાગના તાબા હેઠળ IB/ATS નીચે અધિક પોલીસ મહાનિદેશકશ્રી (એટીએસ) ના વડપણ નીચે કામ કરશે."

ઉપરાંત ક્રમ(5)ના ઠરાવ માં જણાવેલ કમિટીના બંધારણમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

- શ્રી એ.કે. સુરોલીયા, આઈ.પી.એસ., અધિક પોલીસ મહાનિદેશકશ્રી (એટીએસ) અમદાવાદ.
- શ્રી નિરજ ગેમાવત (ગૃહ વિભાગના એડવાઈઝર ઓન સાયબર સીક્યુરીટી)
- શ્રી વી.કે. શર્મા, ( મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, GIPL).

આમ હવે કમિટીમાં શ્રી મનોજ શશીધર, આઈ.પી.એસ., સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-2, અમદાવાદ શહેરની જગ્યાએ શ્રી એ.કે. સુરોલીયા, આઈ.પી.એસ., અધિક પોલીસ મહાનિદેશકશ્રી (એટીએસ) અમદાવાદનો હોદ્દાની રૂએ સમાવેશ કરવામાં આવે છે. અને તેઓને સાયબર સુરક્ષા કવચના CEO તરીકે નિમણુંક આપવામાં આવે છે. CSK અંતર્ગત તમામ પ્રવૃતિઓ તેઓના વડપણ નીચે કરવાની રહેશે. આમ અગાઉના ઠરાવોમાં જે-જે કામગીરી શ્રી મનોજ શશીધર, આઈ.પી.એસ., પોલીસ કમિશંરશ્રી, સેક્ટર-2, અમદાવાદ શહેર ને સોંપવામા આવેલ છે તે તમામ કામગીરી હોદ્દાની રૂએ હવેથી શ્રી એ.કે. સુરોલીયા, આઈ.પી.એસ., અધિક પોલીસ મહાનિદેશકશ્રી (એટીએસ) અમદાવાદ સંભાળશે.

સદરહુ ટીમનું મુખ્ય કાર્ય CSK ની વિવિધ જરૂરીયાતો હાર્ડવેર/સોફ્ટવેર અને ઈન્ફ્રાસ્ટ્રકચર અને તમામ જરૂરીયાતો અંગે ટેકનીકલ સ્પેશીફીકેશન્સ, વ્યકિતઓની લાયકાતો તથા કેટલા સમયમાં આ જરૂરીયાતો પુર્ણ કરવાની રહેશે તે નક્કી કરવાનું રહેશે જેથી CSK સરળતાથી કામ કરી શકે.

ક્રમ(૩) ના ઠરાવના મુદ્દા નં. 11માં જણાવ્યા પ્રમાણે GIPL એ આંતરમાળખાકીય સગવડ પુરી પાડવાની રહે છે તેનો અર્થ એ થાય કે GIPL એ તેઓની કંપનીની નિતિને અનુસરીને સરકારશ્રીના આ બાબતેના આદેશોને અનુસરીને, આ કમિટી દ્વારા નિયત કરવામાં આવેલ જરૂરીયાતો પ્રમાણે ખરીદી/પુરવઠો પુરો પાડવાનો રહેશે.

આમ CSK ની સદરહુ ટીમે જરૂરીયાત નો અંદાજ કરવાનો રહેશે જ્યારે નાણાકીય બાબતો અંગે GIPLએ તેઓની કંપનીની નિતિઓને અનુસરી અને સરકારશ્રીના આ બાબતેના આદેશોને અનુસરીને કાર્યવાહી કરવાની રહેશે.

(નિખિલ ભટ્ટ)
સંયુક્ત સચિવ અને સી.આઈ.ઓ.
ગૃહ વિભાગ.

O/C ISSUED Dt. 5/9/14

નકલ રવાના:-

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(એટીએસ) અમદાવાદ.